For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરાની પ્રથમ મુલાકાતે આવેલા પ્રદેશ અધ્યક્ષનો અંબાલાલ પાર્કમાં અભિવાદન સમારંભ યોજાયો

જગદીશ વિશ્વકર્માનું વડોદરામાં સંબોધન : 'How Is The Josh?' કહી કાર્યકરોમાં ઉત્સાહ ભર્યો

એરપોર્ટ પર ઉતરતાની સાથે સીએમ ભૂપેન્દ્ર પટેલ સાથે બાઈક પર રેલીમાં જોડાયા



(પ્રતિનિધિ) વડોદરા તા.14

ગુજરાત ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા મંગળવારે પ્રથમવાર વડોદરા શહેરની મુલાકાતે આવ્યા હતા. તેમણે સાંજે કારેલીબાગ સ્થિત અંબાલાલ પાર્ક ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી જાહેરસભાને સંબોધિત કરી હતી. આ કાર્યક્રમ મધ્ય ગુજરાતના અભિવાદન સમારંભ રૂપે યોજાયો હતો. ભાજપની પરંપરા મુજબ પ્રદેશ અધ્યક્ષ નિયુક્તિ બાદ વિવિધ જિલ્લાઓમાં જઈ કાર્યકરોને મળતા હોય છે. જગદીશ વિશ્વકર્મા પહેલા હાઈવે માર્ગે વડોદરા આવવાના હતા, પરંતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે દિલ્હીની મુલાકાત હોવાથી તેઓ હવાઈ માર્ગે સીધા વડોદરા એરપોર્ટ પહોંચ્યા હતા. પરિણામે ટોલ નાકા પરનું સ્વાગત કાર્યક્રમ રદ કરાયો હતો. એરપોર્ટથી અંબાલાલ પાર્ક સુધી બાઈક રેલી સ્વરૂપે પ્રદેશ અધ્યક્ષ પહોંચ્યા હતા.

જગદીશ વિશ્વકર્માએ કહ્યું કે, "જ્યારે હું અને મુખ્યમંત્રી સાહેબ એરપોર્ટ પર ઉતર્યા ત્યારે યુવાનોનો જોશ જોઈને મને ફિલ્મનો ડાયલોગ યાદ આવ્યો – How Is The Josh? એવો ઉત્સાહ જોઈ મને પણ 1990 ની યાદો તાજી થઈ ગઈ, અને હું પણ બાઈક પર નિકળી પડ્યો." તેમણે કાર્યકરોને સંબોધતા કહ્યું કે, ભાજપના કાર્યકરો ઈમારતની પાયાની મજબૂત ઈંટ છે. જે લોકોની મહેનતથી આ ઈમારત ઊભી છે તે સૌને હું વંદન કરું છું. વડોદરાની ધરતીને તેમણે સંસ્કારી નગરી, કલા નગરી અને સયાજીનગરી તરીકે ઓળખાવી હતી. જગદીશ વિશ્વકર્માએ વધુમાં જણાવ્યું કે, જાહેરસભામાં ફૂલહાર કે બુકે આપવાને બદલે લાયબ્રેરી માટે પુસ્તકો ભેટ રૂપે આપવા સૂચના આપી હતી. તેમણે યુવાનોને "શાસનના સૂત્રો" નામનું પુસ્તક વાંચવાની સલાહ આપી હતી. તેમણે કહ્યું કે, આ પુસ્તક વાંચ્યા બાદ વ્યક્તિ મેનેજમેન્ટના માસ્ટર બની જાય છે અને જીવન, રાજકારણ તેમજ વ્યવસાયમાં ઉપયોગી થાય છે.

તેમણે યાદ અપાવ્યું કે, સંઘની સૌપ્રથમ શાખા વડોદરામાં શરૂ થઈ હતી અને વડોદરા એટલે ભાજપના સિક્કાની બંને બાજુ કહેવાય. જગદીશ વિશ્વકર્માએ ભારપૂર્વક કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી આજે વિશ્વની સૌથી મોટી પાર્ટી છે, જે 140 કરોડ ભારતીયોને વિશ્વમાં સન્માન અપાવી છે. તેમણે વડોદરાની લોકસભા બેઠકની યાદ તાજી કરતાં જણાવ્યું કે, "વડોદરાવાસીઓએ 5 લાખ 70 હજાર વોટથી નરેન્દ્રભાઈ મોદીને જીતાડી વડાપ્રધાન બનાવ્યા હતા." તેમણે કહ્યું કે ગુજરાતનો વિકાસ જોઈ અન્ય રાજ્યોના લોકોએ પણ ઈચ્છા વ્યક્ત કરી હતી કે, અમને પણ નરેન્દ્રભાઈ જેવા મુખ્યમંત્રી જોઈએ. જાહેરસભાના અંતે તેમણે સૌને વિનંતી કરી કે આવનારી દિવાળીમાં "મેડ ઈન ઈન્ડિયા" પ્રોડક્ટ ખરીદીને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપો અને નરેન્દ્ર મોદીના "આત્મનિર્ભર ભારત"ના સપનાને પૂરું કરો.

અભિવાદનમાં સીએમએ ભાજપના કાર્યકર્તાને દેવથી દુર્લભ ગણાવ્યો

ટેકનોક્રેટ પ્રદેશ અધ્યક્ષ મળ્યા હોવાથી કાર્યકર્તાઓને કામમાં સહજતા આવશે : CM

'ભાજપમાં કોઈ પણ વ્યક્તિ જેવો આવે છે એને જેવો જોઈએ એવો બનાવીએ છીએ' : CM ભૂપેન્દ્ર પટેલ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરામાં આજે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના અભિવાદન સમારંભમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં કહ્યું કે "આ કાર્યક્રમ અભિવાદન માટે નહીં પરંતુ એ કાર્ય માટે છે જેમાં આપણે સૌ પ્રદેશ અધ્યક્ષ સાથે રહીને આગળ વધવાનું છે." મુખ્યમંત્રીએ જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આપેલા 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ' ના કાર્યમંત્રના આધારે આજે દેશ વિકાસના માર્ગે આગળ વધી રહ્યો છે. "મોદીજીના નેતૃત્વમાં આજે ભારત એવા દેશોની સાથે ઉભું છે, જેમની સામે પહેલાં કોઈ બાથ ભીડવા તૈયાર ન હતું," એમ તેમણે જણાવ્યું.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે કાર્યકર્તા તરીકે આપણને એવું નેતૃત્વ મળ્યું છે કે જેના કારણે દેશની દિશા બદલાઈ છે. "કાર્યકર્તાની તાકાત બહુ મોટી છે. કાર્યકર્તા તરીકે આપણે દેશ માટે મહેનત કરી રહ્યા છીએ. ભાજપના કાર્યકર્તા દેવથી દુર્લભ કહેવાય, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં પ્રજાજનોની વચ્ચે ઊભા રહેવાની શક્તિ આપણા પાસે છે," એમ તેમણે ઉમેર્યું. મુખ્યમંત્રીએ યાદ કર્યું કે જ્યારે તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્ટેન્ડિંગ ચેરમેન હતા ત્યારે જગદીશ વિશ્વકર્મા શહેર ભાજપ પ્રમુખ હતા. "આજે હું મુખ્યમંત્રી છું અને તેઓ પ્રદેશ અધ્યક્ષ બન્યા છે. તેઓએ સંગઠન અને સરકાર બંનેમાં સફળતાપૂર્વક કામ કર્યું છે," એમ જણાવ્યું.

તેમણે વધુમાં કહ્યું કે નવા પ્રદેશ અધ્યક્ષ ટેક્નોલોજી પ્રત્યે સંવેદનશીલ છે અને ટેક્નોક્રેટ તરીકે કાર્યકર્તાઓના અનેક કામ સરળ બનાવી દેશે. "જગદીશભાઈ કાર્યકર્તાઓની આર્થિક અને સંગઠનાત્મક મુશ્કેલીઓ સમજશે અને એમની ચિંતા કરશે," એમ મુખ્યમંત્રીએ કહ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલ વિકાસયાત્રાને ધ્યાનમાં રાખીને ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે "7 થી 15 ઓક્ટોબર સુધી ગુજરાતભરમાં વિકાસ સપ્તાહ ઉજવાઈ રહ્યો છે. આપણે સ્વદેશી થઈશું તો આત્મનિર્ભર બનીશું." કોવિડ જેવી આફત દરમિયાન પણ ભાજપના કાર્યકર્તાઓએ લોકસેવા ચાલુ રાખી હતી, એ વાતનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે "લોકોએ પોતાના માતા-પિતા છોડ્યા, પરંતુ ભાજપના કાર્યકર્તા સમાજ વચ્ચે રહ્યા." અંતમાં તેમણે કહ્યું કે "ભાજપમાં જેવો આવે છે, એને આપણે જેવો જોઈએ એવો બનાવીએ છીએ. એ જ ભાજપની તાકાત છે."

અભિવાદન સમારોહમાં ભાજપ કાર્યકર્તાઓ અને ડીસીબી પીઆઈ તુવર વચ્ચે ચકમક

અભિવાદન સમારોહમાં ભાજપના કાર્યકર્તાઓ અને ડીસીબી પીઆઇ તુવર વચ્ચે ચકમક સર્જાઈ હતી. વાત જાણે એમ હતી કે, પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સ્ટેજ પર પહોંચ્યા બાદ કેટલાક ભાજપના કાર્યકર્તા ઊભા થઈ તેમનો જુસ્સો વધારવાનો પ્રયત્ન કરી રહ્યા હતા દરમિયાન કેટલાક પોલીસકર્મીઓ તેમને બેસાડી રહ્યા હતા. જે બાદ પીઆઇ તુવર પણ ત્યાં હાજર હતા. આ દરમિયાન એક કાર્યકર્તાએ કહ્યું, આ કાર્યક્રમ આમારો છે તમે દર વખતે અમારા કાર્યક્રમમાં આવું વર્તન કરો છો. બીજી તરફ પીઆઈ તુવરે કહ્યું, અમે સલામતીના ભાગરૂપે અમારું કામ કરી રહ્યા છીએ. આમ થોડી ક્ષણો માટે ભાજપના સિનિયર કાર્યકર્તાઓ અને પીઆઇ વચ્ચે ચકમક સર્જાઈ હતી.

200થી વધુ બસ ભરીને લોકો કાર્યક્રમમાં હાજર

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ વિશ્વકર્માના વડોદરામાં કાર્યક્રમને સફળ બનાવવા સરકારી તેમજ પ્રાઇવેટ બસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સૂત્રોના

જણાવ્યા મુજબ 100 થી 200 બસ ભરીને લોકોને આ કાર્યક્રમમાં હાજર રહેવા તેમજ રેલીમાં જોડાવા લાવવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ ધારાસભ્ય તેમજ કાઉન્સિલરોને ભીડ એકઠી કરવા માટે ટાર્ગેટ આપવામાં આવ્યો હતો જે કાઉન્સિલરો તેમજ ધારાસભ્યો પૂરો કરી શક્યા ન હતા પરંતુ આસપાસના ગામો માંથી લોકોને બસ દ્વારા લાવવામાં આવ્યા હતા અને ભીડ એકઠી કરાઈ હતી તેમજ રેલીમાં જોડાવા માટે પણ શહેર કરતાં બહારના લોકો વધારે જોવા મળ્યા હતા.

મુખ્ય રસ્તાઓ પર ભગવો લહેરાયો

એરપોર્ટ સર્કલથી કારેલીબાગના તમામ મુખ્ય રસ્તાઓ પર ભગવો લહેરાયો હતો. ઠેર ઠેર ભારતીય જનતા પાર્ટીના બેનરો પોસ્ટરો તેમજ કમળવાળા ઝંડા લગાવવામાં આવ્યા હતા સાથે સાથે ડિવાઈડર પર કેસરી પટ્ટો લગાવી આખો કારેલીબાગ વિસ્તાર કેસરિયો જોવા મળ્યો હતો. એરપોર્ટ સર્કલને કેસરી લાઈટોથી શણગારી દેવામાં આવી હતી.

પ્ર.અધ્યક્ષ સાથે સેલ્ફી માટે કાર્યકરોની પડાપડી

ગુજરાત ભારતીય જનતા પાર્ટીના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષને આવકારવા હજારોની સંખ્યામાં કાર્યકર્તાઓ તેઓના સ્વાગત માટે એરપોર્ટ ખાતે એકત્રિત થયા હતા. મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ એક સાથે એરપોર્ટની બહાર નીકળ્યા હતા ત્યારે ભારત માતાકી જયના જય હો સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા નું સ્વાગત કર્યું હતું. ભરેલી દરમિયાન કાર્યકર્તાનું ઉત્સાહ જોઈ કાર્યકર્તાઓ સાથે પ્રદેશ અધ્યક્ષ સેલ્ફી પડાવી હતી.

અભિવાદન સમારંભ બાદ CM સ્વ.નિશિધ દેસાઈના ઘરે પહોંચ્યા

વડોદરા શહેરમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના અભિવાદન સમારંભમાં આવ્યા હતા. આ દરમિયાન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના તાજેતરમાં અવસાન પામેલા ચેરમેન નિશિધભાઈ દેસાઈના ઘરે જઈ તેમણે શ્રદ્ધાંજલિ આપી હતી અને પરિવારને સાંત્વના પાઠવી હતી. નિશિધભાઈ દેસાઈનું થોડા દિવસ પહેલા હાર્ટ એટેકથી અચાનક અવસાન થયું હતું, જેને લઈને શિક્ષણ જગત સહિત ભાજપ વર્તુળમાં શોક વ્યાપ્યો હતો.

રસ્તાઓ પર બેરીકેડ ગોઠવી બંધ કરાતાં ઠેર ઠેર ટ્રાફિકજામ

કારગીબાગના કેટલાક મુખ્ય માર્ગો બેરીકેડ કરાઈ વાહન વ્યવહાર માટે સાંજે બંધ કરી દેતા વાહન ચાલકો અટવાયા હતા તેમજ

તેઓએ આક્રોશ વ્યક્ત કર્યો હતો. કેટલીક જગ્યાએ પોલીસ સાથે વાહનચાલકોએ બોલાચાલી પણ કરી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા. વાહન ચાલકોનું કહેવું છે કે એક વ્યક્તિ માટે આખા શહેરનો વાહન વ્યવહાર બંધ કરી દેવો તેમજ કામ ધંધામાં વિક્ષેપ થતા નુકસાન પણ થતું હોય તેમ છતાં પોલીસ દ્વારા બેરીકેડ કરાઈ રસ્તો બંધ કરી દેવાયો છે. હાલ તહેવારનો સમયે આવા કાર્યક્રમોને લઈ રસ્તાઓ બંધ કરવું એ યોગ્ય નથી.

મુખ્ય રસ્તાઓ બંધ કરાતાં એમ્બ્યુલન્સને લાંબો ફેરો પડ્યો

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માના વડોદરાના કાર્યક્રમમાં મુખ્ય રસ્તાઓ બંધ કરતા એમ્બ્યુલન્સ તાત્કાલિક સેવાને પણ અસર પડી હતી. મુખ્ય રસ્તા પર ભીડ તેમજ કેટલીક જગ્યાએ રસ્તાઓ બંધ હોવાના કારણે શહેરના આંતરીક માર્ગો પર એમ્બ્યુલન્સને જવું પડ્યું હતું.

પ્રોટોકોલ તોડી જગદીશ વિશ્વકર્મા પોલીસકર્મીની બાઇક પર બેઠા

પ્રદેશ પ્રમુખને બાઇક પર જોઈ કાર્યકરોનો ઉત્સાહ બેવડાયો: ભાજપના નવા પ્રમુખની 'ડાઉન ટુ અર્થ' છબિએ સૌનું દિલ જીત્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ કાર્યભાર સંભાળ્યા બાદ રાજ્યભરમાં તેમના અભિવાદન કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, ત્યારે આજે વડોદરા ખાતે યોજાયેલા અભિવાદન કાર્યક્રમમાં એક અનોખો દ્રશ્ય સર્જાયો હતો.

કાર્યકર્તાઓનો ઉત્સાહ જોઈ પ્રદેશ પ્રમુખે પોતાનો પ્રોટોકોલ છોડી પોલીસકર્મીની બાઇક પર સવાર થઈ બાઇક રેલીમાં જોડાતા સૌ કોઈ આશ્ચર્યચકિત થયા હતા.

વડોદરાના કારેલીબાગ સ્થિત અંબાલાલ પાર્ક ખાતે શહેર-જિલ્લાના કાર્યકરો દ્વારા જગદીશ વિશ્વકર્માના અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ બંને એક જ ફ્લાઇટમાં વડોદરા એરપોર્ટ ખાતે પહોંચ્યા હતા.

અગાઉથી નક્કી કરાયેલા કાર્યક્રમ મુજબ, ભાજપ યુવા મોરચા દ્વારા ભવ્ય બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં યુવા કાર્યકરો જોડાયા હતા. સાંજે પોણા છ વાગ્યાની આસપાસ તેઓની ફ્લાઇટ વડોદરા એરપોર્ટ પર પહોંચી હતી. ત્યારબાદ, સવા છ વાગ્યાની આસપાસ પ્રોટોકોલ મુજબ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એક જ કારમાં એરપોર્ટથી બહાર નીકળ્યા હતા.

જોકે, ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તેમની કાર આગળ વધી રહી હતી ત્યારે બાઇક રેલીમાં જોડાયેલા યુવા કાર્યકરોનો જોરદાર ઉત્સાહ જોઈ જગદીશ વિશ્વકર્મા ભાવુક થઈ ગયા હતા. તેમણે એરપોર્ટ સર્કલ પાસે પોતાની કાર રોકાવી અને બહાર નીકળ્યા. આ સમયે તેમણે બંદોબસ્તમાં હાજર એક પોલીસકર્મીની બાઇક પર બેસી જઈ યુવા કાર્યકર્તાઓની બાઇક રેલીમાં જોડાવાનો નિર્ણય લીધો હતો.

પ્રદેશ પ્રમુખને અચાનક બાઇક પર સવાર થયેલા જોઈને રેલીમાં હાજર કાર્યકરોનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો અને કાર્યક્રમમાં એક નવી જ ઉર્જાનો સંચાર થયો હતો. જગદીશ વિશ્વકર્માના આ સાહજિક અને કાર્યકર્તાઓ સાથે ભળી જવાની શૈલીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું અને તેમના અભિવાદન કાર્યક્રમને યાદગાર બનાવી દીધો હતો.

મામલો વધુ વકરે નહી માટે ટ્રસ્ટ દ્વારા પોલીસ બોલાવી લેવામાં આવી

કિશનવાડીની વિદ્યા મંદિર શાળામાં જયશ્રી રામના બોલવા મુદ્દે હિન્દુ-મુસ્લિમ વિદ્યાર્થીઓ બાખડ્યાં

બાળકો ભવિષ્યમાં આવી કોઇ હરકત ના કરે માટે વાલીઓ પાસે માફીપત્ર પણ લખાવી લેવાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.14

કિશનવાડી વિસ્તારમાં આવેલી વિદ્યાર્થી મંદિર શાળામાં જયશ્રી રામ બોલવા મુદ્દે હિન્દુ અને મુસ્લિમ કોમના વિદ્યાર્થી બાખડ્યાં હતા. જેની જાણ ટ્રસ્ટને થતા તેઓ દ્વારા બાળકો ઓફિસમાં બેસાડી પોલીસ બોલાવી લીધી હતી. હિન્દુ વાલીઓ તો આ શાળામાંથી બાળકોને ઉપાડી અન્ય સ્કુલમાં બેસાડવાનો નિર્ણય પણ કરી લીધો છે. બીજી તરફ પોલીસે બંને વિદ્યાર્થીના વાલીઓ પાસે તેમના બાળકો ભવિષ્યમાં આવી કોઈહરકત નહી કરે તેવી બાહેધરી આપતો માફીપત્ર પણ લખાવી લેવામાં આવ્યો છે.

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં ડીપાર્ટ પાસે વિદ્યાર્થીઓ બાખડ્યાં હતા અને જાહેરમાં મારામારી કરતા હોય તેવો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. હવે શાળાના વિદ્યાર્થીઓ પણ મારામારી કરતા હોવાના બનાવો બનતા રહે છે. તયારેવધુ એક બનાવ કિશનવાડી વિસ્તારમાં આવેલી વિદ્યામંદિર સ્કૂલમાં પ્રકાશમાં આવ્યો છે. જેમાં એવી વિગત છે કે આ શાળામાં હિન્દુ મુસ્લિમ કોમના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. દરમિયાન હિન્દુ મુસ્લિમ વિદ્યાર્થીઓ વચ્ચે જયશ્રીરામ બોલવા મુદ્દે બાખડ્યાં હતા અને ઝઘડો કરવા લાગ્યાં હતા. જેની જાણ સ્કૂલના ટ્રસ્ટીને થઇ જતા તેઓ દ્વારા મામલો વધુ ઉગ્ર બને તે પહેલા પોલીસને બોલાવી લેવામાં આવી હતી. સુત્રોમાંથી જાણવા મળ્યા મુજબ મુસ્લિમ યુવકના માતા પિતાએ જો આ હિન્દુ વિદ્યાર્થીઓ કોઈ કાર્યવાહી નહી કરાય તો 20થી 25 લોકોનુ ટોળુ ભેગુ થઈ શાળામાં ઘસી આવશે તેવી ધમકી આપી હતી.

જયશ્રી રામ બાબતે હિન્દુ અને મુસ્લિમ યુવકે ઝઘડ્યા હોવાના વાત વાયુવેકે પ્રસરી જતા વિશ્વિ હિન્દુપરીષદ સહિતના કાર્યકર્તાઓ સ્કૂલ પર પહોંચી ગયા હતા અને આ મુદ્દે ડીઓ રજૂઆત કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી. બીજી તરફ હિન્દુ યુવકના વાલીઓ સ્કૂલના ટ્રસ્ટથી ઘણા નારાજ હોય શાળામાંથી પોતાના બાળકને પણ ઉપાડી અન્ય સ્કૂલમાં બેસાડવા માટેનો નિર્ણય કરી બેઠા છે. પોલીસ દ્વારા બંને કોમના વિદ્યાર્થીઓના વાલીઓને તેમના બાળકો હવે પછી આવી કોઇ હરકત નહી કરે તેવી માફી પત્ર પણ લખાવી લેવામા આવ્યું છે.

5 કરોડની લોન અપાવવાનું કહી મહારાષ્ટ્રના ડોક્ટર પાસેથી બે ઠગે રૂ.10.10 લાખ પડાવ્યાં

કોઇ લોન નહી કરી આપતા ડોક્ટરે ચુકવેલા રૂપિયા પરત માગતા મારી નાખવાની ધમકી પણ આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.14

મહારાષ્ટ્ર ખાતે હોસ્પિલટ ચલાવતા ડોક્ટરને તેમના દવાખાના રિનોવેશન માટે રૂ.5 કરોડની લોન અપાવવાનું કહીને ઠગ મહિલા નયના મહિડા તથા રાજેશ ચાવડાએ પડાવી લીધા હતા. પરંતુ બે વર્ષ થઇ ગયા છતાં કોઇ લોન નહી કરી આપી તથા રૂપિયા રૂ.10.10 લાખ પણ પરત નહી આપતા બેંને ઠગો વિરુદ્ધ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ડોક્ટરે ફરિયાદ નોંધાવી છે.

મહારાષ્ટ્ર ખાતે રહેતા ડો.જમીર યુસુફ જમાદાર સાંઈ હોસ્પીટલ પદુસ ખાતે ચલાવે છે. દરમિયાન તેમના સાંઈ હોસ્પીટલના રીનોવેશન કરાવવા માટે નાણાની જરૂરીયાત ઉભી થઇ હતી. જેથી આ ડોક્ટરે વડોદરાના ઓપી રોડ પર આવેલી દીપદર્શન સોસાયટીમા રહેતી નયનાબેન મનહરસિંહ મહીડા તથા રાજેશભાઈ અભેસિંગ ચાવડા (રહે. લાડુબાનગર, મહેશ કોમ્પલેશ પાસે,વધોડીયા રોડ, વડોદરા)ની સાથે વર્ષ 2023માં ડોક્ટરની વાત થઈ હતી. ત્યારે આ બંનેએ તેમને હોસ્પીટલના રીનોવેશનની કામગીરી કરવા પાંચ કરોડની લોન કરાવી આપીશુ તેમ જણાવ્યું હતું તેવો વિશ્વાસ અપાવ્યો હતો. ડોક્ટરને બંનેએ લોન 10થી 15 દિવસમાં કરાવી આપશે ફોન પર જણાવ્યું હતુ. તેઓએ લોન મજુર કરાવવા માટે તમારી લોગિન આઈડી બનાવવી પડશે અને તેના રૂ. 10 હજાર ફી આપવી પડશે તેમ મને જણાવ્યું હતું. જેથી ડોક્ટરે ઓનલાઈન રૂ.10 હજાર ટ્રાન્સફર કરી આપ્યા હતા. ત્યારબાદ નયનામહીડાએ યુકે ખાતે રહેતા ઈસ્માઈલ ખાન સાથે લોન બાબતે વાત કરાવતા તેણે ડોક્ટરના ડોક્યુમેન્ટ નયના મહિડાને મોકલી આપવા માટે કહ્યું હતું. લોન મંજુર કરાવી આપવાની ફિસ નયનાબેનને આપી દેજો તેમ પણ કહ્યું હતું.

નયના મહિડાએ ડોક્ટરને મહારાષ્ટ્રથી મુજમહુડા વિસ્તારમાં વિશ્વામિત્ર ટાઉનશીપ પાસે સહયોગ ફાઈનાન્સ લિમિટેડ ખાતે બોલાવ્યાં હતા. તેમની સાથે લોનની મીટીંગ કરી તેમને રૂપિયા પાંચ કરોડની લોન કરાવી આપશે તેવો વિશ્વાસ અપાવ્યો હતો. લોન એપ્રુવ તેમજ લોન રૂપીયા ટ્રાન્સફર કરવા માટે તમારે રૂપિયા આપવા પડશે તેમ કહ્યું હતું. જેથઈ ડોક્ટરે પણ રૂપિયા આપવા માટે તૈયાર બતાવી હતી. દરમિયાન નયના મહિડાએ 5 કરોડની લોન મંજુર થઈ તેમના ખાતામાં રૂપીયા આવી ગયા છે તેની રીસીપ્ટ મોકલી આપી હતી. જે રીસીપ્ટ જર્મનીની બેન્ક ખાતેથી તેમની લોન ત મંજુર થઇ ગયેલ તેની કોપી મોકલી આપી હતી. ત્યારબાદ ડોક્ટર મહારાષ્ટ્ર ખાતે જતા રહ્યાં હતા. ઘણો સમય થઇ ગયો હોય તેમ છતાં બેન્ક એકાઉન્ટમાં રૂપીયા ક્રેડિટ થયા ન હતા. જેથી ડોક્ટરે મહિલાને ફોન કરતા તેણે યુકેમાં ઇસ્માઇલ ખાનને મળી તમારી લોનના રૂપીયા બેન્કમાં ટ્રાન્સફર કરી આપીશ તેમ કહ્યું હતું. ત્યારબાદ મહિલાએ સહયોગ ફાઈન્સના ડાયરેક્ટર રાજેશ અભયસીંગ ચાવડાને મળવા માટે કહ્યું હતું. જેથી ડોક્ટરે તેમની હોસ્પીટલના રીનોવેશન કરાવવાની લોનના રૂપીયા 5 કરોડ ક્યારે આપશો તેવી વાત કરતાં તેણે કોઈ જવાબ આપતાં ન હતા. જેથી ડોક્ટરે તેમની ઓફિસમાં જઈ તપાસ કરતાં રાજેશ ચાવડાએ રૂપીયા લેવા તેની પાસે આવવુ નહી નહીતર તમને જાનથી મારી નાખવાની આપી હતી. આમ નયના મહિડા તથા રાજેશ ચાવડાએ પાંચ કરોડની લોન અપાવવાનં કહીને ડોક્ટર પાસેથી રૂ. 10.10 લાખ પડાવી લીધા હોય જે રકમ પણ આજદિન સુધી પરત કરી નથી. ડોક્ટરે એડિ.પોલીસ કમિશનર ડો.લીના પાટીલને ઠગાઇ બાબતે વાત કરતા તેમના આદેશથી લોનના બહાને ઠગાઈ કરનાર નયના મહિડા તથા રાજેશ ચાવડા વિરુદ્ધ ઠગાઈની ફરિયાદ માંજલપુર પોલીસે નોંધી છે.

ઈવા મોલના વોશરૂમમાં ફ્રેશ થવા ગયેલી સગીરા સાથે સફાઈકર્મીએ શારીરિક અડપલા કર્યા

(પ્રતિનિધિ) વડોદરા તારીખ 14

માંજલપુર વિસ્તારમાં આવેલા ઈવા મોલમાં પરિવાર જમવા માટે ગયો હતો. દરમિયાન તેમની 10 વર્ષની સગીર દીકરી વોશરૂમમાં ફ્રેશ થવા માટે ગઈ હતી, ત્યારે ત્યાં હાજર સાફ-સફાઈનું કામ કરતા કર્મચારીએ સગીરા સાથે શારીરિક અડપલા કર્યા હતા. ગભરાયેલી સગીરાએ પોતાની માતાને આ બાબતે વાત કરતા માતાએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ આરોપી વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો નોંધી તેને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના માંજલપુરના લાલબાગ વિસ્તારમાં રહેતો પરિવાર ઈવા મોલમાં ગઈ કાલે સોમવારે રાત્રે 9 થી 10 જમવા માટે ગયા હતાં. તે દરમિયાન 10 વર્ષીય સગીરા વોશ રૂમમાં ગઈ હતી. ત્યારબાદ બહાર આવી હતી. થોડીવાર પછી સગીરા ફરી વોશ રૂમમાં ફ્રેશ થવા માટે ગઈ હતી. ત્યારે મોલમાં પારસ પરમાર નામનો સાફ સફાઈ નું કામ કરતો કર્મચારી

સગીરા પાસે આવ્યો હતો. ત્યારબાદ સગીરા સાથે શારીરીક અડપલા સાથે ગેરવર્તન કરવા લાગ્યો હતો. સગીરા ગભરાઈને ત્રીજા માળેથી નીચે આવી હતી, પરંતુ સગીરાને પૂછતાં તેણે તમામ હકીકત જણાવતા પરિવારે મોલમાં હોબાળો મચાવ્યો હતો. તેના સંબંધીઓ સહિતના સમાજના લોકોએ ભેગા થઈ મોલમાં ભારે હંગામો મચાવી મૂક્યો હતો. દરમિયાન માંજલપુર પોલીસ દોડી આવી હતી. જેથી સગીરાના પરિવારે ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી પારસ પરમારને ઝડપી પાડી તેના વિરુદ્ધ પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સાઇબર ક્રાઇમ પોલીસની ટીમે ટીમે વેસ્ટ દિલ્હી

નકલી ફર્મ બનાવીને ફ્રોડના નાણાની હેરાફેરી કરનાર ગેંગનો સાગરિત ઝડપાયો

ગેંગે વૃદ્ધ સાથે ફોરેક્સ ટ્રેડિંગ કરવાના બહાને રૂ.23.35 લાખ પડાવ્યાં હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરાના વૃદ્ધને ફોરેક્સ ટ્રેડિંગ કરવાના બહાને તેમની પાસેથી રૂ. 23.35 લાખની ઠગાઇ કરવાના ગુનામાં સાઇબર ક્રાઇમ પોલીસે દિલ્હીથી એક ઠગને ઝડપી પાડ્યો છે. ત્યારે આરોપી નકલી ફર્મ બનાવી પેમેન્ટ ગેટવે પર મર્ચંટ તરીકે નોંધણી કરી ફ્રોડના નાણાની હેરાફેરી કરતો હતો. વડોદરા લાવ્યાં બાદ આરોપીની વધુ પૂછપરછ શરૂ કરી છે.

વડોદરા શહેરમાં રહેતા અજયભાઇ ભટ્ટ (ઉં.વ.61) નિવૃત જીવન ગુજારે છે. તેઓ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી રહ્યાં હતા. તે દરમિયાન એક જાહેરાત આવી હતી ત્યારે વૃદ્ધે તેના પર ક્લીક કર્યુ હતું ત્યારે ફોરેક્સ ટ્રેડિં